<table>
<tr><td>પૂરક પ્રશ્ન ક્રમાંક</td><td>અગ્રતા ક્રમ –૦૨<br>પુરક પ્રશ્ન આપેલ ધારાસભ્યશ્રીનું નામઃ– શ્રી જે.એસ.પટેલ– માણસા</td></tr>
<tr><td>પ્રશ્ન–૪</td><td>(૧) પેક્સ કોમ્પ્યુટરાઈઝેશનના પરિણામે પેક્સ મંડળીઓના ઓડિટ કરવાની પધ્ધતિમાં કોઈ ફેરફાર થશે ?<br><br>(૨) સામાન્ય રીતે પેક્સના ઓડિટ દરમિયાન ક્યા પ્રકારની ક્ષતિઓ જોવા મળે છે?</td></tr>
<tr><td>જવાબ–૪</td><td>(૧) પેક્સ કોમ્પ્યુટરાઈઝેશનના પરિણામે પેક્સ મંડળીઓના ઓડિટ કરવાની પધ્ધતિમાં કોઈ ફેરફાર થશે?<br>
<ul>
<li><u>સહકારી કાયદાની જોગવાઈઓ અનુસાર પેક્સ મંડળીઓનું વર્ષમાં એક વાર ઓડિટ કરવું જરૂરી છે.</u></li>
<li>પેક્સ મંડળીઓના ઓડિટ માટે <u>વૈધનાથન સમિતિની ભલામણ આધારિત</u> વિવિધ પ્રકારની વિગતો ની ચકાસણી કરી ઓડિટર દ્વારા ઓડિટ રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે.</li>
<li><u>જિલ્લા રજિસ્ટ્રાર/ વિભાગીય કચેરીઓ દ્વારા નિયત ધારાધોરણ અનુસાર પેક્સ મંડળીઓના ઓડિટ ફાળવણી કરવામાં આવે છે.</u></li>
<li>નાણાંકીય વર્ષ અંતિત એટલે કે, ૩૧/૦૩ ની સ્થિતિએ પેક્સ દ્વારા તેના તમામ ચોપડા, રેકર્ડ તૈયાર કરી ઓડિટરને રજૂ કરવાના હોય છે.</li>
<li>પેક્સ કોમ્પ્યુટરાઈઝેશનના પરિણામે પેક્સ મંડળીઓના તમામ રેકર્ડ ડિજિટાઈઝ થવાથી તેનું સોફ્ટવેર ના માધ્યમથી ઓડિટ થશે.</li>
</ul>
(૨) સામાન્ય રીતે પેક્સના ઓડિટ દરમિયાન ક્યા પ્રકારની ક્ષતિઓ જોવા મળે છે?<br>
સામાન્ય રીતે<br>
i) પેક્સ ના સભાસદો તથા તેમના શેર ભંડોળ,<br>
ii) સભાસદ તથા બિન સભાસદોની મળેલી થાપણો,<br>
iii) બહાર થી મેળવેલ કરજ, ધિરાણ અને વસૂલાતની કામગીરી,<br>
iv) નિયંત્રિત અને બિન નિયંત્રિત ચીજવસ્તુઓની ખરીદી અને વેચાણ,<br>
v) તૈયાર કરેલ હિસાબો તથા પત્રકો વગેરેની ચકાસણી કરવામાં આવે છે.
<ul>
<li>આ ઉપરાંત નાણાકીય પરિસ્થિતિ સિવાય પેક્સ દ્વારા કરેલ વહીવટી કામગીરી નું પણ ઓડિટ કરવાનું થાય છે જેમ કે,</li>
</ul>
i) <u>મંડળી અર્થક્ષમ છે કે કેમ?,</u><br>
ii) <u>કાર્યક્ષેત્રના ખેડૂતોને સભાસદ તરીકે આવરી લીધેલ છે કે કેમ?,</u></td></tr>
</table>

| | |
|---|---|
| | iii) મંડળીના સભાસદો વાર્ષિક/ખાસ સાધારણ સભા/ વ્યવસ્થાપક સમિતિની બેઠકો નિયમિત મળે છે કે કેમ?<br>iv) સભાસદો/કમિટી સભ્યો હાજરી આપી મંડળીના વહીવટમાં રસ લે છે કે કેમ?,<br>v) મંડળીના કર્મચારી જરૂરી લાયકાત અને અનુભવ ધરાવે છે કે કેમ?<br>vi) સહકારી કાયદા અનુસાર મંડળીઓ વહીવટ યોગ્ય રીતે ચલાવવામાં આવે છે કે કેમ? વગેરે.<br>• ઉપરોકત કામગીરી સંદર્ભમાં નાણાંકીય કે વહીવટી અનિયમિતતા, ગેરરિતી, ઉચાપત વગેરે તેમજ વહીવટી ક્ષતિઓના સંદર્ભમાં લેવા પાત્ર પગલાંઓ ઓડિટ રિપોર્ટમાં સૂચવવામાં આવે છે.<br>• સભાસદ યાદીમાં મૃત સભાસદો સમાવિષ્ટ હોય તો તેમને દૂર કરી સભાસદ યાદી અદ્યતન કરવાનું સૂચન કરવામાં આવે છે.<br>• આ ઉપરાંત મંડળી અર્થક્ષમ સંસ્થા તરીકે કામગીરી કરી શકતી ન હોય અથવા સ્થગિત હોય તે સંજોગોમાં ફડચામાં લઈ જવા અથવા રદ કરવા અંગે સૂચન કરવામાં આવે છે. |